# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/3/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૨ * * * સંવત ૨૦૮૧ શ્રાવણ સુદ આઠમ, શુક્રવાર ૧ ઓગસ્ટ, ૨૦૨૫ * * * દૈનિક : ૮૮ - અંક : ૨૨૯ પાનાં II + ૧૪ કિંમત ₹ ૫.૦૦


## એર ઇન્ડિયાના ડ્રીમલાઇનર વિમાનમાં ટેક્નિકલ ખામી સર્જાતાં દિલ્હી એરપોર્ટ પર ટેકઓફ રદ કરાયું

નવી દિલ્હી, તા. 31 (પીટીઆઈ): ગુરુવારે એર ઇન્ડિયાના ઓછામાં ઓછા બે વિમાનોમાં ટેક્નિકલ સમસ્યા સર્જાઈ હતી અને એરલાઇનની લંડન જતી ડ્રીમલાઇનર બોઈંગ 787-9એ દિલ્હી એરપોર્ટ પર ટેકઓફ રદ કર્યું હતું. એમ સૂત્રોએ જણાવ્યું હતું. અન્ય એક ઘટનામાં રાષ્ટ્રીય રાજધાનીના એરપોર્ટ પર ટેક્નિકલ સમસ્યાને કારણે એર ઇન્ડિયાનું એ321 વિમાન થોડીવાર માટે રોકાયા પછી બેમાં પાછું ફર્યું હતું. એરબસ વિમાન દિલ્હીથી અમૃતસર જતી ફલાઇટ એઆઈ461 ચલાવવાનું હતું. એમ સૂત્રોએ જણાવ્યું હતું. એરલાઇનના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ‘ ’31 જુલાઈના રોજ દિલ્હીથી લંડન જતી ફલાઇટ એઆઈ2017 શંકાસ્પદ ટેક્નિકલ સમસ્યાને કારણે બેમાં પાછી ફર્યું હતું. કોકપિટ ક્રૂએ માનક સંચાલન પ્રક્રિયાઓને અનુસરીને ટેકઓફ રદ કરવાનો નિર્ણય લીધો હતો અને સાવચેતી તપાસ માટે વિમાનને પાછું લાવ્યા હતા.”

## બેંક છેતરપિંડી સાથે જોડાયેલા કેસમાં અંદામાન અને નિકોબાર ટાપુઓમાં ઈડીની પ્રથમ રેઇડ

પોર્ટ બ્લેર/નવી દિલ્હી, તા. 31 (પીટીઆઈ): સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે, કેન્દ્રશાસિત પ્રદેશના ભૂતપૂર્વ કોંગ્રેસ સાંસદ સાથે સંકળાયેલા કથિત સહકારી બેંક લોન ‘છેતરપિંડી’ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસની તપાસના ભાગ રૂપે, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ગુરુવારે અંદામાન અને નિકોબાર ટાપુઓમાં તેની પ્રથમ રેઇડ પાડી હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે, કેન્દ્રીય તપાસ એજન્સીના અધિકારીઓ દ્વારા પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ પોર્ટ બ્લેર અને તેની આસપાસના નવ સ્થળો અને કોલકાતામાં બે સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. આ પહેલી વાર છે કે કેન્દ્રીય એજન્સીએ બંગાળની ખાડીમાં સ્થિત કેન્દ્રશાસિત પ્રદેશમાં મની લોન્ડરિંગ વિરોધી કાયદા હેઠળ દરોડા પાડ્યા છે. એમ સૂત્રોએ જણાવ્યું હતું.



» જાપાનના ટોકિયોમાં તરતા ફાનસના ઉત્સવ દરમ્યાન હજારો ફાનસો પાણીમાં તરતા મૂકવામાં આવે છે જેમના પર આશા અને શુભેચ્છાઓના સંદેશાઓ પણ લખવામાં આવે છે. એક જળાશયમાં તરતા ફાનસોની આજુબાજુ હોડીઓમાં સહેલ કરી રહેલા લોકો તસવીરમાં જોઇ શકાય છે.

# AI કંપનીઓ તેમની મશીનરીને ઠંડી રાખવા રોજ લાખો લીટર પાણી વાપરી નાખે છે

**ChatGPT** દસ પ્રશ્નોના જવાબ આપવા સામે બે લીટર પાણી વાપરી નાખે છે!


**અમેરિકાના** ટેક્સાસમાં લોકોને નહાવા માટે ઓછું પાણી વાપરવા કહેવાયું!

ન્યૂયોર્ક, તા. ૩૧: કૃત્રિમ બુદ્ધિમતા (AI) ની વધતી જતી લોકપ્રિયતા અને ટેકનોલોજીકલ પ્રગતિ વૈશ્વિક જળ સંસાધનો પર અભૂતપૂર્વ દબાણ લાવી છે. AI ડેટા સેન્ટરોની ભારે મશીનરીને ઠંડી કરવા માટે દરરોજ લાખો લિટર પાણીની જરૂર પડે છે, જેના કારણે ભારત સહિત ઘણા દેશોમાં પાણીની કટોકટી વધુ ખરાબ થઈ છે.

યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા, રિવરસાઈડના સંશોધક શાઓલી રેનના તાજેતરના અભ્યાસ મુજબ, GPT-3 જેવા મોટા AI મોડેલોને પ્રતિ 10-50 ક્વેરી દીઠ સરેરાશ 2 લિટર પાણીની જરૂર પડે છે, જે અગાઉના અંદાજિત 500 મિલી કરતા ચાર ગણી વધારે છે. ઈલેક્ટ્રોપેજના 2025ના અહેવાલ મુજબ, ભારતમાં ડેટા સેન્ટરો દ્વારા પાણીનો વપરાશ 2025માં 150.3 અબજ લિટર સુધી પહોંચી શકે છે, જે 2030 સુધીમાં વધીને 358.66 અબજ લિટર થઈ શકે છે. બેંગલુરુ જેવા શહેરોમાં, જે પહેલાથી જ પાણીની કટોકટીનો સામનો કરી રહ્યા છે, ડેટા સેન્ટરો દરરોજ 8 મિલિયન લિટર પાણીનો ઉપયોગ કરી રહ્યા છે. 2025માં આ વપરાશ વધુ વધવાની ધારણા છે, કારણ કે ભારતમાં ડેટા સેન્ટરોની સંખ્યા ઝડપથી વધી રહી છે.

AI ડેટા સેન્ટરોમાં CPU અને GPU જેવા શક્તિશાળી મશીનો ભારે માત્રામાં ગરમી ઉત્પન્ન કરે છે. કૂલિંગ ટાવરનો ઉપયોગ પાણીના બાષ્પીભવનથી તેમને ઠંડા કરવા માટે કરવામાં આવે છે, જેમાં 80% પાણી બાષ્પીભવન થાય છે અને રિસાયક્લિંગ માટે માત્ર 20% બાકી રહે છે. ભારતના ઘણા ભાગો જેવા ગરમ વાતાવરણવાળા વિસ્તારોમાં, આ વપરાશ વધુ વધે છે. પાણીનો વપરાશ ઘટાડવા માટે પ્રવાહી ઠંડક, ગંદા પાણીના રિસાયક્લિંગ અને દરિયાઈ પાણીના ઉપયોગ જેવી નવીનતાઓ પર કામ કરવામાં આવી રહ્યું છે. અમેરિકાના ટેક્સાસમાં દુકાળના સંજોગો વચ્ચે છેલ્લા બે વર્ષ દરમ્યાન એઆઇ કંપનીઓ ૨૬૪ મિલિયન પાણી વાપરી ચુકી છે ત્યારે સામાન્ય નાગરિકોને તેમના નહાવાના શાવરમાં પાણીનો ઓછો વપરાશ કરવા કહેવાયું છે.

# અમેરિકાની ડેલ્ટા એરની ફ્લાઇટ તીવ્ર ટર્બ્યુલન્સમાં ફસાઇ: ડઝનબંધ મુસાફરોને હોસ્પિટલમાં ખસેડવા પડ્યા



સોલ્ટ લેક સિટી, તા. ૩૧: અમેરિકાની ડેલ્ટા એરલાઈન્સની એક ફ્લાઈટ યુરોપના નેધરલેન્ડની રાજધાની આર્મસ્ટર્ડામ તરફ જઇ રહી હતી તે સમયે તે ભરઆકાશે વમળમાં સપડાઇને સખત ઝોલો ખાઇ જતા સંખ્યાબંધ મુસાફરોને ઇજા થઇ હતી અને આ વિમાનને નજીકના એરપોર્ટ પર ઉતારીને ઘણાને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. મળતી વિગતો પ્રમાણે ડેલ્ટા એરની ફ્લાઈટ-૫૬ અમેરિકાના ઉટાહ રાજ્યના સોલ્ટ લેક સિટીથી રવાના થઇને નેધરલેન્ડના આર્મસ્ટર્ડામ શહેર તરફ જઇ રહી હતી તે સમયે અમેરિકાના જ આકાશમાં તે મોટા ટર્બ્યુલન્સમાં ફસાઇ હતી. આના પછી તેને મિન્નેસોટાના સેન્ટ પોલ ઈન્ટરનેશનલ એરપોર્ટ તરફ વાળવામાં આવી હતી અને સ્થાનિક સમય પ્રમાણે બુધવારે સાંજે ૭.૪૫ કલાકે તેણે સલામત ઉતરાણ કર્યું હતું. ફાયર ડિપાર્ટમેન્ટના અધિકારીઓ અને પેરામેડિક કર્મચારીઓ વિમાન તરફ ધસી ગયા હતા. વિમાનના કેટલાક કર્મચારીઓ અને ૨૫ જેટલા મુસાફરોને ચકાસણી અને સારવાર માટે સ્થાનિક હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા હતા. શરૂઆતના અહેવાલો જણાવતા હતા કે કેટલાક મુસાફરો તીવ્ર આંચકાને કારણે તેમની બેઠકોમાંથી ઉછળી પડ્યા હતા. કેટલાક મુસાફરોને હાડકા ભાંગ્યા હોવાની શંકા બાબતે તપાસવામાં આવી રહ્યા હતા. આ વિમાન એરબસનું A330-900 મોડેલ છે અને તેમાં ૨૭૫ મુસાફરો અને ૧૩ કર્મચારીઓ હતા.

# ચોમાસાના ઉત્તરાર્ધમાં ભારતમાં સામાન્ય કરતા વધુ વરસાદ થઇ શકે: હવામાન ખાતું

**ઇશાન** ભારત અને પૂર્વ ભારતના તથા દક્ષિણ ભારતના કેટલાક ભાગોમાં સામાન્ય કરતા ઓછો વરસાદ થશે, તે સિવાયના વિસ્તારોમાં સામાન્ય કે સામાન્ય કરતા વધુ વરસાદ શકે

**ઓગસ્ટમાં** થોડો ઓછો વરસાદ થઇ શકે, સપ્ટેમ્બરમાં સામાન્ય કરતા વધુ વરસાદની શક્યતા

નવી દિલ્હી, તા. ૩૧ (પીટીઆઇ): ચોમાસુ ઋતુના બીજા અર્ધભાગ(ઓગસ્ટ અને સપ્ટેમ્બર)માં ભારત સામાન્ય કરતા વધુ વરસાદ મેળવે તેવી શક્યતા છે એમ ભારતીય હવામાન વિભાગે આજે જણાવ્યું હતું. હવામાન વિભાગના ડિરેક્ટર જનરલ મૃત્યુંજય મહાપાત્રાએ ઓનલાઈન પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું હતું કે, ઉત્તરપૂર્વ ભારત અને પૂર્વ ભારતના સંલગ્ન વિસ્તારો સિવાય દેશના મોટાભાગના ભાગોમાં ઓગસ્ટમાં સામાન્ય વરસાદ નોંધાવાની ધારણા છે. તેમણે જણાવ્યું હતું કે, સપ્ટેમ્બરમાં વરસાદ સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતા છે.

ભારતમાં ચોમાસાની ઋતુના પહેલા ભાગમાં (જૂન અને જુલાઈ) સામાન્ય કરતાં વધુ વરસાદ પડ્યો હતો, જેમાં કેટલાક રાજ્યો, ખાસ કરીને હિમાચલ પ્રદેશમાં ઘોડાપૂર જોવા મળ્યા હતા. એકંદરે નૈઋત્યના ચોમાસાની ઋતુના બીજા ભાગમાં દેશમાં સામાન્ય કરતાં વધુ વરસાદ (422.8 મીમીની લાંબા ગાળાના સરેરાશના 106 ટકા) થવાની શક્યતા સૌથી વધુ છે એમ મહાપાત્રાએ જણાવ્યું હતું.

ભૌગોલિક રીતે, ઉત્તરપૂર્વ અને તેની નજીકના પૂર્વ ભારતના ઘણા ભાગો, મધ્ય ભારતના છૂટાછવાયા પ્રદેશો અને દ્વીપકલ્પીય ક્ષેત્રના દક્ષિણપશ્ચિમ વિસ્તારોમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ થવાની ધારણા છે, તે સિવાય મોટાભાગના પ્રદેશોમાં સામાન્યથી વધુ વરસાદની શક્યતા સૌથી વધુ છે એમ મહાપાત્રાએ જણાવ્યું હતું કે આગામી બે અઠવાડિયામાં ઓછો વરસાદ થવાની ધારણા છે; જો કે, આ પરિસ્થિતિ બ્રેક મોનસૂન ફેઝ માટેના માપદંડોને પૂર્ણ કરતી નથી, જે ચોમાસા દરમિયાન વરસાદમાં કામચલાઉ ઢીલાશનો ઉલ્લેખ કરે છે.

દેશમાં 1 જૂનથી 31 જુલાઈ દરમિયાન 445.8 મીમીના સામાન્ય વરસાદની સામે 474.3 મીમી વરસાદ પડ્યો છે, જે છ ટકા વધુ વરસાદ છે. IMD વડાએ જણાવ્યું હતું કે આ સમયગાળા દરમ્યાન દેશમાં 624 ખૂબ ભારે વરસાદની ઘટનાઓ અને 76 અત્યંત ભારે વરસાદની ઘટનાઓ નોંધાઈ છે, જે છેલ્લા પાંચ વર્ષમાં સૌથી ઓછો આંકડો છે.